ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૯૩/૨૧-૨૨/ 1367 તારીખ : 28 APR 2022

**આર.પી.એ.ડી.**

કેસ નં.૯૩/૨૧-૨૨

પ્રતિ,
**શ્રી દામજીભાઈ મોહનભાઈ ચભાડીયા,**
**૫-એ, સૂર્યદર્શન પાર્ક,**
**દવે હોસ્પિટલ ની બાજુમાં,**
**મું.પાલીતાણા,**
**જી.ભાવનગર.**

**મો.નં- ૬૩૫૩૯ ૬૯૫૭૬**

**વિષય : મોટી રકમનું વિજ બિલ મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૭/૦૩/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૯/૦૩/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૩/૨૧-૨૨/૯૯૮ તા.૨૪/૦૩/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૫/૦૪/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **પાલીતાણા.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **શહેર પેટા વિભાગીય** કચેરી, **પાલીતાણા.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૯૩/૨૧–૨૨** ☜

વાદી :– **શ્રી દામજીભાઈ મોહનભાઈ ચભાડીયા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૦૫/૦૪/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી જતીનભાઈ રમેશભાઈ ચભાડીયા (વાદી ના પ્રપૌત્ર)**

પ્રતિવાદી :– **શ્રી એચ.એમ.ભોજાણી, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા. (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી દામજીભાઈ મોહનભાઈ ચભાડીયા, મું.પાલીતાણા, જી.ભાવનગર ની મોટી રકમનું વિજ બિલ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૩/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૩/૨૧–૨૨/૯૮૫ તા.૨૪/૦૩/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૫/૦૪/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી દામજીભાઈ મોહનભાઈ ચભાડીયા વતી તેમના પ્રપૌત્ર શ્રી જતીનભાઈ રમેશભાઈ ચભાડીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.એમ.ભોજાણી, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

ઉપરોકત વિષય ના અનુસંધાને આપ સાહેબને જણાવવાનું કે, છેલ્લા એક વર્ષ થી મારે વિજ વપરાશ આશરે ૧૮૦ યુનિટ પ્રતિ બે માસે આવે છે. જયારે, મારૂં માહે જાન્યુ–ફેબ્રુ–૨૦૨૨ બિલ્ડ ઈન માર્ચ–૨૦૨૨ માં એક સાથે ૧૩૭૭ યુનિટ વિજ બિલ મારે આવેલ છે. જે સ્વાભાવિક આટલા ટૂંકા સમયમાં આટલો વપરાશ કોઈ સંજોગોમાં આટલા વપરાશમાં ના આવે તે આપ સાહેબ જાણો જ છો. આ સાથે મારા લેબ રીપોર્ટ પણ જોડેલ છે. યોગ્ય કરવા માટે આપ સાહેબ ને નમ્ર વિનંતી.

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆત :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ વાદીશ્રી દામજીભાઈ મોહનભાઈ ચભાડીયા ને ગ્રાહક નં–૩૭૪૦૨/૦૬૯૯૬/૪, ૫–બી,સૂર્યદર્શન પાર્ક, દવે હોસ્પિટલની બાજુમાં ઘર વપરાશનું કનેકશન આવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૨ વાદીની રજૂઆત મુજબ તેઓની સરેરાશ વપરાશ છેલ્લા એક વર્ષ થી ૧૮૦ યુનિટ ની છે. જયારે, જાન્યુ–ફેબ્રુ –૨૦૨૨ બિલ્ડ ઈન માર્ચ–૨૦૨૨ એક સાથે ૧૩૭૭ યુનિટ નું બિલ વધારે આવેલ. જેનું બિલ ગ્રાહક દ્વારા ભરપાઈ ન કરતા, ઓફીસ દ્વારા ગ્રાહક નું મીટર બદલાવેલ અને લેબોરેટરી પરીક્ષણ કરાવેલ. (રીપોર્ટ આ સાથે સામેલ છે.)

૨.૩ શ્રી દામજીભાઈ મોહનભાઈ ચભાડીયા ને ૧૩૭૭ યુનિટ નું બિલ તા.૨૧/૦૨/૨૦૨૨ ના રોજ પાઠવવામાં આવેલ હતું. ત્યારબાદ, ગ્રાહક દ્વારા પાલીતાણા શહેર પેટા વિભાગીય કચેરીનો સંપર્ક બિલ વધુ આવવા બાબતે સાંધેલ નથી.

૨.૪ ગ્રાહક નું સદર બિલ બાકી હોય, ઉઘરાણા માટે જતા ગ્રાહકે બિલ વધુ આવવાનું જણાવેલ એટલે સદર બિલ નહી ભરવા જણાવેલ. જેથી, સ્થળ પર હાજર કર્મચારી દ્વારા ગ્રાહક ને સંતોષ મળે તે માટે સદર મીટર બદલી આપેલ અને સદર મીટર નું લેબોરેટરીમાં પરીક્ષણ તા.૦૮/૦૩/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ. સદર લેબોરેટરી પરીક્ષણ મુજબ ગ્રાહકનું મીટર બરાબર જોવા મળેલ.(રીપોર્ટ આ સાથે સામેલ છે)

૨.૫ સદર પરીક્ષણ અહેવાલ મુજબ સદર મીટર બરાબર જણાયેલ છે તથા એમ.આર.આઈ રીપોર્ટ મુજબ ગ્રાહક ની એમ.ડી. ફકત વધારે જોવા મળેલ છે. આમ, સદર મીટર લેબોરેટરી પરીક્ષણ મુજબ બરાબર હોય, ગ્રાહકને તા.૨૧/૦૨/૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ બિલ મુજબ બિલ ભરવાપાત્ર થાય છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી દામજીભાઈ મોહનભાઈ ચભાડીયા, ગામ–પાલીતાણા દ્વારા તેમના ગ્રાહક નં–૩૭૪૦૨/૦૬૨૮૬/૪ ના ઘર વપરાશના કનેકશન નું જાન્યુ–ફેબ્રુ–૨૦૨૨ નું મળેલ રૂા.૧૦૭૬૧/– ની રકમ ના બિલ અંગે તેમના પ્રપૌત્ર શ્રી જતીનભાઈ ચભાડીયા દ્વારા ફોરમ ને રજૂઆત કરવામાં આવેલ છે કે, તેમને પ્રતિવાદી બે માસ અંદાજે ૧૮૦ યુનિટ ના વપરાશ ના બિલ ની સામે જાન્યુ–ફેબ્રુ નું ૧૩૭૭ યુનિટ નું બિલ આપવામાં આવેલ છે.

૩.૨ પ્રતિવાદી દ્વારા સદરહુ બિલ ના વિજ બિલ ના નાણાં ન ભરવામાં આવતા ગ્રાહક ના શકના સમાધાન તથા સંતોષ માટે મીટર બદલી આપવામાં આવેલ તથા તા.૦૮/૦૩/૨૦૨૨ ના રોજ લેબ પરીક્ષણ માં પણ મીટર બરાબર માલૂમ પડેલ હોય, આપવામાં આવેલ વિજ બિલ બરાબર છે. તેમ જણાવેલ છે.

૩.૩ આજરોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન ફોરમ દ્વારા અરજદાર ના મીટર બદલ્યા પહેલા ના તથા પછીના વપરાશ ના ડેટા નો પી.આર.ટી સ્ટેટમેન્ટ નો અભ્યાસ કરવામાં આવેલ છે. વાદીના જણાવ્યા પ્રમાણે સ્થળ પરનો લોડ ૩–પંખા,ફ્રીઝ, એર કંન્ડીશનર, પાણીની મોટર, વગેરે ઉપકરણો પ્રસ્થાપિત છે. લેબ રીપોર્ટ પ્રમાણે ગ્રાહકના મીટરમાં કોઈ તાંત્રિક ખામી કે એબ્નોર્માલીટી જણાયેલ નથી.

Consumer Grievance Redressal Forum
PGVCL
Bhavnagar

૩.૪ આ તબકકે વાદી દ્વારા પ્રતિવાદી પીજીવીસીએલ ના કર્મચારી દ્વારા કરવામાં આવેલ અયોગ્ય વાણી વર્તન બાબતે પણ ફોરમને રજૂઆત કરવામાં આવેલ છે. જેની ફોરમે ગંભીર નોંધ લીધેલ છે. આથી, પ્રતિવાદી પીજીવીસીએલ ને જણાવવામાં આવે છે કે, ગ્રાહક સાથે શાંત તથા સુમેળભર્યુ વાણી વર્તન દાખવવા સંબંધિત કર્મચારીને તાકીદ કરવી.

૩.૫ ઉપરોકત તારણો તથા રજૂ થયેલ રેકર્ડ ને ધ્યાને લેતા, કમીટી ને જણાય છે કે, અરજદાર ના મીટર માં કોઈ લેબ રીપોર્ટ કે એમ.આર.આઈ. રીપોર્ટ મુજબ તાંત્રિક ખામી કે જમ્પ મારેલ નથી. પરંતુ, વપરાશ ના આંકડા મુજબ નું બિલ આપવામાં આવેલ હોય, બિલ યોગ્ય જણાય છે અને તે વાદીએ ભરવાપાત્ર છે.

**—:: <u>હુકમ</u> ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(એ.એ.જાડેજા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :— ૦૫/૦૪/૨૦૨૨.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar